# Sample Paper : 2011
# Class X
# Subject : Gujarati

## Section : D : Literature Text Book (40 Marks)

<u>અગત્યની સૂચના :</u>

- આ સેમ્પલ પેપરમાં ફકત લીટરેચર(પાઠય પુસ્તક)વિભાગનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. વ્યાકરણ વિભાગ માટે ૧૪મી ફેબ્રુઆરીના રોજ અપલોડ કરેલું સેમ્પલ પેપર ડાઉનલોડ કરવું. વિભાગ A અને B ના સેમ્પલ પેપરર્સ ટૂંક સમયમાં અપલોડ કરવામાં આવશે.
- આ સેમ્પલ પેપરમાં SA-2ને ધ્યાનમાં રાખીને અગત્યના પ્રશ્નો(IMP QUESTIONS) આપવામાં આવ્યા છે.
- ધ્યાનથી અભ્યાસ કરવામાં આવે તો આ એક સેમ્પલ પેપરમાં બે – ત્રણ સેમ્પલ પેપરો સમાયેલા છે.
- કેટલા પ્રશ્નો ટૂંકા પ્રશ્નો તરીકે અથવા વિસ્તૃત પ્રશ્નો તરીકે એકબીજાની જગ્યાએ પૂછાતા હોય છે. દા.ત. *દક્ષાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી? /'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિનો દામ્પત્ય – પ્રેમ કેવી રીતે વ્યકત થયો છે ?* વિદ્યાર્થીઓએ આવા પ્રશ્નોના જવાબો પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે લખવા.
- 'શા માટે?'વાળા કોઇ પણ પ્રશ્નો 'કારણો આપો' તરીકે પૂછી શકાય છે.
- આ સેમ્પલ પેપરમાં કાવ્યપંકતિની નીચે આપેલા પ્રશ્નો 'એક વાકયમાં જવાબ આપો'વાળા પ્રશ્નમાં પણ પૂછી શકાય છે.
- વિદ્યાર્થીઓએ આ સેમ્પલ પેપરને અંતે આપેલા પાંચે પાંચ કાવ્યના કવિના નામ પાકા કરી લેવા. પ્રશ્ન નં ૭(અ)માં કયારેક 'આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ? ' એવો પ્રશ્ન પૂછાય છે.
- વધુ માહિતી મેળવવા માટે અંતિમ પાના પર આપેલા નંબર્સ, ઇ – મેલ આઇડીઝ કે સરનામા પર સંપર્ક કરવો.

**પ્રશ્ન :૫(અ) કારણો આપો.** **૦૪**

[1] ગાંધીજીએ રાત્રી બાવરાની જેમ ગાળી.

[2] દક્ષાને રમણ પર રોષ ચડતો હતો.

[3] પરવાળાનો પત્થર ધન્ય થયો.

[4] એક વાર રમણ આકુળવ્યાકુળ થઈ ગયો.

[5] નાનાભાઈનું પંડિતાઇનું અભિમાન ઓગળી ગયું.

[6] લેખકે રવિવારે આરામ ન કરવાનું નક્કી કર્યુ. <u>અથવા</u> લેખકે રવિવારે સફાઈકાર્ય કર્યુ.

[7] ગાંધીજીને દેશગમન જરૂરી લાગ્યું.

[8] 'દક્ષિણામૂર્તિ' લેખક માટે વિશ્વવિદ્યાલય બની ગયું.

[9] 'ધરતીનો જયાં છેડો આવે તે ઘર'

[10] લેખક 'અનિલ'ને ઓફિસમાં જવાં કરતા પેઢીમાં જવું વધારે ગમે છે.

**(બ) માત્ર એક વાકયમાં જવાબ લખો.** **૦૪**

[1] ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ?

[2] તાંબાનો કુંજો ઝળહળતો કરવા લેખકે શું કર્યું ?

[3] ગાંધીજીએ ભેટ સંદર્ભે શો નિર્ણય લીધો ?

[4] લેખકે પેઢીમાં શું જોયું ?

[5] ભેટ અંગે ગાંધીજી શું માને છે ?

[6] ગાંધીજીને ભેટસોગાદો કોણે આપી ?

[7] રમણનું પરાનું મકાન કેવું હતું ?

[8] રમણને શેનો શોખ હતો ?

[9] રમણને સસ્તા ભાડાનું  મકાન શોધવાનો વારો કેમ આવ્યો ?

[10] ખાદી અંગે નાનાભાઈના શા વિચારો હતા ?

[11] ગૃહપતિ વિદ્યાર્થીઓને ઠપકો કેમ આપતા હતા ?

[12] ગૌરીશંકરે લેખકને મજાકમાં શું કહ્યું ?

[13] હથોડી છાપ પેન્સિલ કેવી આવતી ?

[14] પેઢીમાં જવું કેવું અનુભવાય છે ?

[15] લેખક કઈ પંચપટરાણીની વાત કરે છે ?

[16] લેખક ધરતીનો છેડો કોને કહે છે ?

[17] લેખક પાંચ ઈન્દ્રિઓને કયા નામે ઓળખે છે ?

[18] કેવી પ્રતિભા કદી અનુકરણ કરતી નથી ?

[19] ‘જીન્નેવા’ અને ‘સનફ્લાવર્સ’ સર્જકોના નામ લખો.

[20] ઈસ્કોતરો એટલે શું ?

**પ્રશ્ન : ૬ (અ) ટૂંકમાં જવાબ લખો.** **૦૪**

[1] કસ્તુરબાના વ્યકિતત્વ વિષે ત્રણ – ચાર વાકય લખો.

[2] દક્ષા શા માટે ત્રીજા માળની ઓરડી પસંદ કરે છે ?

[3] "ખાદી પહેરવાની વસ્તુ છે, પહેરાવવાની નહી." નાનાભાઈ આ વાત કેવી રીતે સમજાવે છે ?

[4] પંચપટરાણીને લેખક કેવી રીતે રીઝવે છે ? <u>અથવા</u> પંચપટરાણીઓને મનાવવા લેખકે શું શું કર્યુ ? <u>અથવા</u> પંચપટરાણીઓની લેખકે કેવી રીતે સેવા કરી ?

[5] ગાંધીજીને કયા પ્રકારની ભેટ – સોગાદો મળી હતી અને તેનું તેમણે શું કર્યુ ?

[6] નાનાભાઈએ ગૌરીશંકર રસોયાને શા માટે છૂટો કર્યો ?

[7] "હવે પેન્સિલનું લાકડું સારુ નથી આવતું " એમ મહેતાજી શા માટે કહે છે ?

[8] નાનાભાઈએ ગૃહપતિને શા માટે ઠપકો આપ્યો ?

[9] ગાંધીજી પોતાને મીરાંબાઈ સાથે શા માટે સરખાવે છે ?

[10] રસોઈ ચાખનાર લેખકને ગૌરીશંકર રસોયાએ શું કહ્યું અને તેનું શું પરિણામ આવ્યું ?

[11] લેખકને મન 'ઘર' એટલે શું ? 'પંચપટરાણીની સેવામાં ઘરકામ' પાઠના આધારે સમજાવો.

[12] 'ધરતીનો છેડો આવે તે ઘર' એવું લેખક શા માટે કહે છે ?

[13] નાનાભાઈને ગાંધીજીએ કયા બે ધ્વજ પકડાવ્યા હતા ?

[14] નાનાભાઈનો નિત્યક્રમ લખો.

**(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો.** **૦૮**

[1] કસ્તુરબાના કયાં વાકયો ગાંધીજીને અણિયાળા બાણ સમાન લાગે છે ? <u>અથવા</u> ઘરેણાં માટે કસ્તુરબાએ ગાંધીજીને કઈ કઈ ખરીખોટી વાતો સંભળાવી ? <u>અથવા</u> ભેટના સ્વીકાર – અસ્વીકાર અંગે કસ્તૂરબાના વલણનાં કારણો કયાં હતા ?

[2] 'આભલાનો ટૂકડો' શીર્ષકની યથાર્થતા સમજાવો.

[3] પત્ની તરીકે દક્ષાનું શબ્દચિત્ર દોરો.

[4] રમણનો આકાશદર્શનનો શોખ વાર્તામાં કેવી રીતે વ્યકત થયો છે ?

[5] પેઢી પરના પેન્સિલ છોલતા મહેતાજીનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

[6] પંચપટરાણીના લેખકે રવિવારનો કઈ રીતે ઉપયોગ કર્યો ? <u>અથવા</u> પંચપટરાણીના લેખકે ઘરસફાઈના કયા કયા કામો કર્યા ?

[7] કસ્તૂરબાના ગાંધીજીને કહેલા વચનોનો તમારા મન પર કેવો પ્રભાવ પડે છે તે કસ્તૂરબાના પાત્રના અનુસંધાને જણાવો.

[8] નાનાભાઈનું પાત્રાલેખન કરો.

[9] ભેટ સંદર્ભે ગાંધીજીનું મનોમંથન વર્ણવો.

[10] 'માણસને માનવેતર પ્રાણીને ન્યાય આપવાનો ઉત્સાહ છે એટલી જ ટાઢાશ માણસ પ્રત્યે છે' એવું લેખકને કેમ લાગે છે ?

**પ્રશ્ન :૭(અ) નીચેની કાવ્યપંકિત વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.** **૦૪**

[1]

અબ લગ કંકર એક ન લાગ્યો
ગયા ભાગ્ય મુજ ફૂટી

પ્રશ્નો :

૧. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

૨. ગોપીને તેના ભાગ્ય ફૂટી ગયા હોય તેવું કેમ લાગે છે ?

કોઇના સંગનિઃસંગની એને કશી અસર નવ થાય,

ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !

૩. ચંચલ અને નાજુક શું છે ?

૪. પલને શેની અસર થતી નથી ?

[2]

કોઇ ન માગે દાણ
કોઇની આણ ન વાટે ફરતી,
હવે કોઇ લજ્જાથી હસતાં
રાવ કદી કયાં કરતી !

પ્રશ્નો :

૧. આ કાવ્યપંકિતઓ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?

૨. કોણ કોની પાસે દાણ માગતું હતું ?

૩. માર્ગમાં કોની આણ વર્તાતી હતી ?

૪. કોણ, કોને, કેવી રીતે અને શેની ફરિયાદ કરતું હતું ?

[3]

ઊગે કમળ પંકમાં તદપિ દેવ શિરે ચડે;
નહિ કુળથી કિંતુ, મૂલ મૂલવાય ગુણો વડે.

પ્રશ્નો :

૧. કમળ કયાં ઊગે છે ?

૨. વ્યકિત શેના વડે મહાન બને છે ?

મન મેલાં તન ઉજળાં, બગલા કપટી અંગ;

એથી તો કાગા ભલા, (એના) તન મન એક જ રંગ.

૩. બગલાનું તન કેવું હોય છે ?

૪. બગલા કરતાં કાગડો કેમ સારો ?

[4]

કજ્જલ તજે ન શ્યામતા, મુકતા તજે ન શ્વેત;
દુર્જન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત.

પ્રશ્નો :

૧. કાજળ અને મોતી શું નથી ત્યજતાં ?

૨. દુર્જન અને સજ્જન શું નથી ત્યજતાં ?

વૃંદાવનમાં,

વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,

જાય તેડી પોઢેલાને યે નવે લોક, નવ સ્થલ !

૩. કવિ સમયના બે રૂપને કઈ કઈ ઘટના દ્વારા વર્ણવે છે ?

૪. પલ મૃત્યુ પામેલાને કયાં તેડી જાય છે ?

[5]

ઝરમર વરસે મેહ નેહનો,
વાયુ વહે અનુકૂલ;
આ ઉરની પાંખડીઓ ઊઘડે
ગંધ વહે બની ફૂલ.

પ્રશ્નો :
૧.કેવો વાયુ વાય છે ?

૨.ઉરની પાંખડીઓ એટલે શું ?

એ લોકો પહેલાં કાપડના તાકા ભરી રાખે છે

પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે.

૩. આ કાવ્યપંકિત કયા કાવ્યમાંથી લેવામાં આવી છે અને તેના કવિ કોણ છે ?

૪. સંઘરાખોરો કાપડ કયારે વેચવા કાઢે છે ?

(બ) ટૂંકમાં જવાબ આપો. ૦૪

[1] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિનો દામ્પત્ય – પ્રેમ કેવી રીતે વ્યકત થયો છે ?

[2] 'પલ' કાવ્યમાં સમયનાં કયાં સ્વરૂપો આલેખાયાં છે ?

[3] જાતમહેનત વિશે મુકતક શું પ્રબોધે છે ?

[4] કવિને 'એ લોકો' પ્રત્યે આક્રોશ શા માટે છે ?

[5] દુહાઓમાં દુર્જન, સજ્જન અને કપટીના લક્ષણો કેવા દૃષ્ટાંતો વડે સૂચવાયા છે ? <u>અથવા</u> દુહાઓમાં અંકિત કરાયેલા દુર્જન, સજ્જન તથા કપટી માટે કયાં ઉદાહરણો આપેલાં છે ? <u>અથવા</u> મોતી અને સજ્જન તથા કાજળ અને દુર્જન વચ્ચે શું સમાનતા છે ?

[6] 'આવ્યો છું તો'માં ફૂલ થઈ ફળવાની ઈચ્છા કવિ કયારે વ્યકત કરે છે ? <u>અથવા</u> 'આવ્યો છું તો' કાવ્યના કવિની કઈ ઝંખના છે ?

[7] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ આંસુ સારવાની કેમ ના પાડે છે ?

[8] 'આવ્યો છું તો' કાવ્યમાં કવિ માનવજીવનની સફળતા શેમાં જુએ છે ?

[9] 'અબ લગ કંકર એક ન લાગ્યો, ગયા ભાગ્ય મુજ ફૂટી' આ પંકિત કઇ ઘટનાનો નિર્દેશ કરે છે ?

[10] શ્રીકૃષ્ણ વિનાના મધુવનની વેદના કોણ કોણ વ્યકત કરે છે ?

**પ્રશ્ન :૮(અ) માત્ર એક જ વાકયમાં જવાબ લખો.** **૦૪**

[1] 'એ લોકો' શબ્દપ્રયોગ કવિએ કોના માટે કર્યો છે ?

[2] 'કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ' પ્રસ્તુત પંકિત શેનું વર્ણન કરે છે ?

[3] 'કુળથી નહિ, પણ ગુણો વડે મૂલ્ય થાય' તે વાત કવિ કોના દ્દષ્ટાંતથી સમજાવે છે ?

[4] ભમરો ગુંજન દ્વારા કઇ વાત વહેતી મૂકે છે ?

[5] 'વૃન્દાવનમાં, વળી કોઇને કુરુક્ષેત્રમાં મળી' પ્રસ્તુત પંકિત કોની વાત કરે છે ? <u>અથવા</u> વૃન્દાવન અને કુરુક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?

[6] કવિ પલને શેની સાથે સરખાવે છે ?

[7] કવિ મૌનનું ગાણું ભૂલીને શું માણવાનું કહે છે ?

[8] 'માણસ' શબ્દ શેનો નિર્દેશ કરે છે ?

[9] કવિ પ્રિયકાંત મણિયારને શું બનવું છે ? <u>અથવા</u> 'એ લોકો' કાવ્યના કવિને શું બનવાની ઈચ્છા થાય છે ?

[10] કવિની આગળ અને પાછળ કેવો પંથ છે ?

[11] કવિ આંખોને સંબોધીને શું કહે છે ?

[12] અગ્નિની સાક્ષીએ કઇ ઘટના બની ?

[13] કવિએ શેની પાંખડીઓ ઊઘડવાની વાત કરી છે ?

[14] મનખાનો મેળો એટલે શું ?

[15] પલને શેની અસર થતી નથી ?

[16] કમળનું ઉદાહરણ શું સમજાવે છે ?

**(બ) નીચેના પ્રશ્નોના મુદાસર જવાબ લખો.(આશરે ૮૦ શબ્દોમાં)** **૦૮**

[1] 'છેલ્લું દર્શન' કાવ્યમાં કવિ મૃત પત્નીને કઇ રીતે અંજલી આપે છે ?

[2] શ્રીકૃષ્ણ વિનાના મધુવનમાં ગોપીઓની વિરહવેદના કેવી રીતે વ્યકત થઇ છે ? <u>અથવા</u> 'માધવ કયાંય નથી'માં ગોપીની કઇ દશાનું આલેખન થયું છે તે સદ્દષ્ટાંત લખો. <u>અથવા</u> 'માધવ કયાંય નથી'માં વ્યકત થતી વેદના વર્ણવો.

[3] ‘પલ’ કાવ્યમાં સમયનાં કયાં સ્વરૂપો વ્યકત થયા છે તે સદૃષ્ટાંત સમજાવો.

[4] ‘છેલ્લું દર્શન’ કાવ્યના કવિ મૃતપત્નીને કઈ કઈ સામગ્રી ધરવાનું કહે છે ? શા માટે ?

[5] ‘એ લોકો’ કાવ્યનો ભાવાર્થ સમજાવો.

[6] કવિને અંતિમ ઉપાય તરીકે જંતુનાશક દવા બનવાની ઈચ્છા કેમ થાય છે ?

[7] ‘આવ્યો છું તો –’ કાવ્યમાં વ્યકત થતો માનવજીવનનો મહિમા તમારા શબ્દોમાં વર્ણવો.

[8] દેશના આજના સંઘરાખોરો વિષે તમારું શું માનવું છે ? તેઓ ગરીબ માણસોનું શોષણ કેવી રીતે કરે છે ?

[9] દાખલા દલીલો સાથે ગૂણ અને કૂળની વિસ્તૃત ચર્ચા કરો.

[10] પલ કાવ્યનો ધ્વની સ્પષ્ટ કરો.

***આટલું પાકુ કરી લો:***

| કાવ્ય | | કવિ |
|---|---|---|
| છેલ્લું દર્શન | - | રા.વિ. પાઠક |
| માધવ કયાંય નથી મધુવનમાં | - | હરીન્દ્ર દવે |
| આવ્યો છું તો – | - | જયંત પાઠક |
| એ લોકો | - | પ્રિયકાંત મણિયાર |
| પલ | - | મણિલાલ દેસાઈ |

***આટલું સુધારો :***

૧૪મી ફેબ્રુઆરીના રોજ અપલોડ કરાયેલ વ્યાકરણ વિભાગમાં પાના ન. ૭ ઉપર છેલ્લા બે પ્રશ્નોમાં કૌંસમાં અપાયેલી સૂચનામાં ભૂલ છે જે નીચે મુજબ સુધારવી.

૮.આ ખોખોની રમતમાં હું હારી ગયો છું.(નકારાત્મક વાકય બનાવો)

૯.કાબરી જીવતી નથી.(હકારાત્મક વાકય બનાવો.)

*ખામીખૂબી માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી અભિપ્રાય આવકાર્ય છે. ગુજરાતી વિષય અંગેની વધુ નીઃશુલ્ક જાણકારી માટે સંપર્ક :*

deedardilwala@yahoo.com

hemanideedar3@gmail.com

[M] 09975 112970

Didar Hemani

Sidharth Nagar,

Mominbhai's House,

Near Gyan Ganga School,

Panchgani-412805[MS]

Dist : Satara